# ૧૭ (૭) પાન-બીડી તથા ઠંડાપીણાનો ગલ્લો/દુકાન

## ૧. પ્રસ્તાવના

### અ. ઉપયોગીતા :-

જીવન ધોરણ ઊંચું જતાં લોકોના મોજશોખ વધવાને લીધે આજકાલ પાન-બીડી તથા મસાલાનો ઉપયોગ લોકો કરતાં હોય છે. આ વસ્તુઓનો ઉપયોગ ગ્રામ્ય કક્ષાએ તેમજ શહેરોમાં પણ થાય છે. આ પ્રકારના ગલ્લામાં ઠંડા પીણાં રાખવાને લીધે સીઝનમાં તેવા પીણાંનો પણ ઉપયોગ લોકો કરે છે. આ સિવાય દરરોજની જરૂરિયાતની વસ્તુઓ જેવી કે સાબુ, રેઝર, બ્લેડ, તથા અન્ય આઈટેમો લોકો નજીકમાં આવેલ આવા ગલ્લામાંથી ખરીદીને ઉપયોગમાં લેતા હોય છે.

### બ. બજાર અને બજાર વ્યવસ્થા :-

આ પ્રકારનો ગલ્લો ગામની વચ્ચે હાઈવે તથા મુખ્ય માર્ગો પર ચાર રસ્તા અથવા અગત્યની જગ્યા, જયાં માણસોની વ઼ અવર-જવર રહેતી હોય તેવી જગ્યાએ ગોઠવવાથી ધંધો કાર્યક્ષમ

બની શકે છે. શહેરમાં ખાસ કરીને સોસાયટીને નાકે અને ગામડાઓમાં ગામના મુખ્ય મથકે અથવા લત્તાના મુખ્ય મથકે આ પ્રકારનો ગલ્લો ગોઠવવાથી ધંધો સારી રીતે ચલાવી શકાય છે.

**ક. ધારણાઓ :-**

(૧) આ જાતનો ધંધો કરનારને સારી જાતની વસ્તુઓ જથ્થાબંધ ભાવે ખરીદવાની કુશળતા હોવી આવશ્યક છે.

(૨) ગલ્લાનો ધંધો રાત્રે મોડા સમય સુધી ચાલતો હોવાથી ગલ્લામાં લાઈટની સગવડ હોવી જરૂરી છે.

(૩) આ ધંધો મહિનાના પૂરેપૂરા દિવસો માટે ચાલતો હોય છે.

**૨. વેચાણક્ષમતા :-**

આ પ્રકારના ધંધામાં દરરોજ સરેરાશ રૂ. ૨૦૦ થી ૫૦૦ સુધીનો વેચાણ વકરો મળતો હોય છે.

**૩. પરવાના અંગેની ખાસ જરૂરિયાત :-**

આ પ્રકારના ધંધામાં કોઈ ખાસ પ્રકારના પરવાનાની જરૂર રહેતી નથી.

**૪. સ્થાયી મૂડી રોકાણ :-**

**અ. જમીન/મકાન**

આ પ્રકારના ધંધામાં ગલ્લો રાખવા માટે તેમજ તેની આગળ ખુલ્લી જગ્યા મળીને અંદાજે ૪૦ થી ૫૦ ચોફુટ જગ્યાની જરૂરિયાત રહે. જેનું માસિક ભાડું સરેરાશ રૂ. ૧૦૦ થી રૂ. ૨૦૦ અંદાજવામાં આવે છે.

**બ. સાધનો વિ.**

| અ.નં. | સાધનોનું વર્ણન | સંખ્યા | કિંમત (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | લાકડાનો ગલ્લો (કેબીન), સાઈન બોર્ડ તથા નીચે માલ સામાન રાખવાના ખાનાવાળો | ૧ | રૂ. ૬,૫૦૦/- |
| (૨) | કાચનું શો કેસ (ડેકોરેટીવ) | ૧ | રૂ. ૩,૫૦૦/- |
| (૩) | ગલ્લા પરનું સ્ટેન્ડ સનમાઈકા સાથેનું | ૧ | રૂ. ૨૦૦૦/- |
| (૪) | પરચુરણ સાધનો, ડબ્બા, ડબ્બીઓ વિગેરે | | રૂ. ૫૦૦/- |
| (૫) | આઈસબોક્ષ | ૧ | રૂ. ૬૦૦/- |
| (૬) | વુડન ક્રેટસ તથા અન્ય સાધનો | | રૂ. ૨૦૦/- |

**૫. કુલ સ્થાયી મૂડી રોકાણ :-** રૂ. ૧૩,૩૦૦/-

**૬. ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ) :-**

બીડી, સીગારેટ, પાન તથા મસાલા, સાબુ, રેઝરબ્લેડ, તમાકુ, ચુનો, પીણાં તથા અન્ય કટલરી આઈટેમોની ૧ મહિનાની ખરીદી માટે રૂ. ૧૦,૯૦૦/-

| | |
|---|---|
| **૭. કુલ મૂડી રોકાણ :-** | રૂ. ૨૪,૨૦૦/- |

**૮. બેંક લોન (ટર્મલોન તથા કાર્યકારી ભંડોળ) :-**

| | |
|---|---|
| બેંક લોન ૩ (ત્રણ) માસના મોરેટોરીયમ પીરીયડ બાદ ૪૮ માસિક હપ્તાથી ભરપાઈ કરવાની રહે. વ્યાજનો દર ૧૨ ટકા ગણેલ છે. | રૂ. ૨૫,૦૦૦/- |

**૯. આવર્તક ખર્ચ (ઉત્પાદન ખર્ચ) માસિક :-**

| | |
|---|---|
| અ. બીડી, સીગારેટ, પાન તથા મસાલા, સાબુ, રેઝરબ્લેડ, તમાકુ તથા પીણાં અને પરચુરણ સામાન | રૂ. ૧૦,૯૦૦/- |
| બ. પગાર ખર્ચ | |
| ક. પાવર ફ્યુઅલ ખર્ચ | રૂ. ૧૦૦/- |
| ડ. બેંકનો હપ્તો વ્યાજ સાથે | રૂ. ૫૦૦/- |
| ઈ. પેકીંગ ખર્ચ | |
| ફ. ઘસારા ખર્ચ | રૂ. ૧૨૦/- |
| જ. રીપેર, સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વિ. | |
| ઝ. જગ્યાનું ભાડું | રૂ. ૧૫૦/- |
| ઈ. અન્ય | રૂ. ૩૩૦/- |
| **કુલ આવર્તક ખર્ચ** | **રૂ. ૧૨,૧૦૦/-** |

**૧૦. કુલ વેચાણ (માસિક) :-**

| | |
|---|---|
| મસાલાની દૈનિક આવક | રૂ. ૧૫૦/- |
| બીડી, સીગારેટની દૈનિક આવક | રૂ. ૧૦૦/- |
| કટલરી, પરચુરણ, સામાન તથા ઠંડાપીણાં વિગેરેનું વેચાણની સરેરાશ આવક | રૂ. ૨૦૦/- |
| કુલ રૂ. ૪૫૦ x ૨૫ દિવસ | રૂ. ૧૩,૫૦૦/- |

**૧૧. નફાતોટાનો અંદાજ (માસિક) :-**

| | |
|---|---|
| કુલ વેચાણ માસિક | રૂ. ૧૩,૫૦૦/- |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | રૂ. ૧૨,૧૦૦/- |
| ચોખ્ખો નફો માસિક | રૂ. ૧,૪૦૦/- |

**૧૨. અન્ય વિગતો :-**

(૧) આ પ્રકારના ધંધા માટેનો માલ જથ્થાબંધ વેપારી પાસેથી નજીકના શહેરમાંથી ખરીદી શકાય છે. એકી સાથે માલ ખરીદવાથી ખરીદ કિંમતમાં ફાયદો રહે છે.

(૨) ધંધા માટેના જરૂરી સાધનો/ફર્નીચર વિગેરે, સ્થાનિક જરૂરિયાત મુજબ ખરીદી અગર બનાવી શકાય છે.